# આજે તલાટી પરીક્ષા: ૮.૬૫ લાખ ઉમેદવારોનાં ભાવિનો ફેંસલો

### રાજ્યના ૨૬૯૪ કેન્દ્ર પર તમામ ઉમેદવારની કોલ લેટર સાથે વીડિયોગ્રાફી કરાશે, ગેરરીતિ સામે આવશે તો નવા કાયદા પ્રમાણે કાર્યવાહી કરાશે

અમદાવાદ, તા.૬

અમદાવાદ સહિત રાજ્યભરમાં આવતી કાલે રવિવારે તલાટી-કમ-મંત્રીની પરીક્ષા યોજાવાની છે. આ પરીક્ષા માટે રાજ્યમાં ૮.૬૫ લાખ જેટલા ઉમેદવારો પરીક્ષા આપવાના છે. તલાટીની ૩૪૩૭ જેટલી જગ્યા માટે આ ભરતી ચાલી રહી છે. દરેક ઉમેદવાર પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ કરે ત્યારે ઉમેદવારની કોલ લેટર સાથે વીડિયોગ્રાફી કરવામાં આવશે. આ ઉપરાંત અસામાજિક તત્ત્વો સામે ચાંપતી નજર રાખવામાં આવશે. જો ગેરરીતિ સામે આવશે તો નવા કાયદા પ્રમાણે કાર્યવાહી કરવામાં આવશે. આ ઉપરાંત પેપરની સલામતી માટે પૂરતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ સમયે ઉમેદવારના કોલ લેટરની તપાસ કરવામાં આવશે.જિલ્લામાં પરીક્ષા કેન્દ્રની આસપાસ રવિવારે બપોરના ૧૨.૩૦થી ૧.૩૦ સુધી ઝેરોક્ષની દુકાન બંધ રાખવાનો આદેશ કરવામાં આવ્યો છે. પરીક્ષા સમયે વીજ પુરવઠો ખોરવાય નહીં તે માટે ખોદકામ પર પણ પ્રતિબંધ મુકાયો છે. પરીક્ષા દરમિયાન કેન્દ્રની આસપાસના વિસ્તારમાં સુલેહ-શાંતિ જળવાઈ રહે અને પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી શાંત અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં ગેરરીતિ કર્યા વગર તેમજ કોઈ પણ પ્રકારના પ્રલોભનથી દોરવાયા વિના પરીક્ષા આપી શકે તે માટેની તંત્ર દ્વારા તમામ વ્યવસ્થા પૂર્ણ કરી દેવામાં આવી છે. જુનિયર ક્લાર્કની પરીક્ષામાં ઘણા ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા, જેના લીધે તંત્ર દ્વારા કરવામાં આવેલી તૈયારી વેડફાઈ હતી. આ ઉપરાંત સમય તથા નાણાંનો વ્યય થાય છે. આવું ન થાય તે માટે તલાટીની પરીક્ષા માટે ઓજસ વેબસાઈટ પર કન્ફર્મેશન માગવામાં આવ્યું હતું. જે ઉમેદવારો ખરેખર પરીક્ષા આપવા માગતા હોય તેમણે ઓજસ વેબસાઈટ પર કન્ફર્મેશન આપવાનું હતું, જેમાં ફોર્મ ભરેલા ૧૭ લાખ ઉમેદવારો પૈકી ૮,૬૫,૦૦૦ જેટલા ઉમેદવારોએ જ કન્ફર્મેશન આપ્યું હતું. આ ઉમેદવારો તલાટીની પરીક્ષા આપી શકશે.

પરીક્ષાના દિવસે પરીક્ષાના સ્થળે ઈલેક્ટ્રિક આઈટમ જેવી કે મોબાઈલ ફોન, પેજર, ઈલેક્ટ્રિક ડાયરી, સ્માર્ટ વોચ, બ્લૂટુથ, ઈયર ફોન, કેમેરા, લેપટોપ વગેરે ઈલેકટ્રોનિક ઉપકરણો લઈ દાખલ થવા પર પણ પ્રતિબંધ જાહેર કરવામાં આવેલ છે. પરીક્ષાર્થીઓની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ, વિશેષ ધ્યાનભંગ થાય તેવું કોઈ પણ કૃત્ય કરવા પર, પરીક્ષાના દિવસે પરીક્ષા સ્થળે ચોરી કરવા કે કરાવવા હેતુથી પુસ્તક-અન્ય સાહિત્ય, કાપલી, ઝેરોક્ષ લઈ જવા પર પ્રતિબંધ છે. પરીક્ષા સ્થળે કોઈ પણ પ્રકારનું હથિયાર લઈ દાખલ થવા પર પ્રતિબંધ છે. પરીક્ષા સ્થળની આસપાસ પ્રતિબંધિત વિસ્તારમાં આવેલ પાન-બીડીના ગલ્લા તથા ચા-પાણીનાં કેન્દ્ર પરીક્ષા સમય દરમિયાન ચાલુ કરવા પર પણ સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.પ્રતિબંધિત વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર, પ્રતિબંધિત વિસ્તારમાં જાહેર વાહન વ્યવહાર અવરોધાય તે રીતે વાહનો ઊભાં રાખવાં કે પાર્ક કરવા પર, પરીક્ષા સ્થળની આજુબાજુ મોટાં મોટાં લાઉડ સ્પીકર વગાડવા પર તથા પરીક્ષા સ્થળ ઉપર ગેરરીતિ થાય તેવું કોઈ પણ સાધન લઈ જવા પર પ્રતિબંધ છે, પરંતુ ફરજ પરના પોલીસદળ, હોમગાર્ડના કર્મચારી, અધિકારી તથા પરીક્ષાના અનુસંધાને ફરજ ઉપર બોલાવેલા કર્મચારી-અધિકારીઓને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં. તલાટીની પરીક્ષામાં કેટલાક ઉમેદવારો આજે રાતે જ અમદાવાદ પહોંચી જશે ત્યારે અમદાવાદની કેટલીક સંસ્થાઓ સેવા માટે આગળ આવી છે. વિવિધ જિલ્લામાંથી અમદાવાદ પરીક્ષા આપવા આવનારા ઉમેદવારોને કોઈ તકલીફ ન પડે તે માટે રહેવા-જમવાની વ્યવસ્થા કરાઈ છે. સાણંદના સાધના ફાઉન્ડેશન દ્વારા સાણંદમાં રહેવા અને જમવાની વ્યવસ્થા કરવામાં આવી છે. ઉપરાંત કેટલાંક પરીક્ષા કેન્દ્ર પર પણ ઉમેદવારો પરીક્ષા આપવા સમયસર પહોંચી શકે તે માટે વાહનની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. આ સુવિધા મેળવવા માટે ઉમેદવારો ફોન નંબર ૯૮૯૮૬ ૧૬૭૧૯, ૭૮૦૧૯ ૧૨૮૬૭, ૯૪૨૭૮ ૦૪૮૭૯, ૮૦૦૦૫ ૬૬૨૩૦ નંબર પર સંપર્ક કરી શકે છે




એસજી હાઈવે પરના એક થિયેટરમાં કેરાલા ફિલ્મ જોવા માટે લોકો ઉમટી પડ્યા હતા.

# બારડોલીમાં ડમ્પરે કારને અડફેટે લેતા ૬ના મોત

### અકસ્માતમાં 3 મહિલા, એક પુરુષ, ૧ બાળકી અને એક બાળક સહિત ૬ લોકોના મોત થયા

સુરત જિલ્લાના બારડોલી નજીક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે બારડોલીના બમરોલી નજીક કાર અને ડમ્પર વચ્ચે અકસ્માત સર્જાતા ૬ લોકોના મોત થયા હોવાની માહિતી સામે હાલ સામે આવી રહી છે. અકસ્માતમાં કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો બીજી તરફ બનાવની જાણ થતાં પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો છે અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.સુરત શહેર અને જિલ્લામાં છાશવારે અકસ્માતના બનાવો સામે આવી રહ્યા છે ત્યારે વધુ એક બનાવ સામે આવ્યો છે.




બારડોલીના બમરોલી નજીક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. મળતી માહિતી મુજબ કાર અને ડમ્પર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે કારનો ભુક્કો બોલી ગયો હતો બીજી તરફ આ ઘટનામાં ૩ મહિલા, એક પુરુષ, ૧ બાળકી અને એક બાળક સહિત ૬ લોકોના મોત થયા હોવાની માહિતી હાલ સામે આવી રહી છે. મૃતક પરિવાર સુરત જિલ્લાના માંડવી ખાતે રહેતું હોવાની માહિતી સામે આવી રહી છે. બીજી તરફ પરિવાર તરસાડી ખાતે લગ્ન પ્રસંગમાં ગયો હતો. દરમ્યાન તેઓની કાર ડમ્પર સાથે અથડાઈ હતી.અકસ્માતની આ ઘટનાને લઈને ત્યાં લોકોનું ટોળું એકઠું થઈ ગયું હતું બીજી તરફ બનાવની જાણ પોલીસને થતા પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો છે પોલીસ દ્વારા મૃતદેહને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે અને આ મામલે તપાસ હાથ ધરવામાં આવી રહી છે. મૃતદેહોનું પંચનામુ કરી પોસ્ટમોર્ટમ માટેની તજવીજ હાથ ધરાઈ છે. આ તરફ પોલીસ દ્વારા મૃતકોની ઓળખ કરી તેમના સ્વજનોને જાણ કરવાની પણ તજવીજ હાથ ધરાઈ છે.

# બનાસકાંઠામાં ગૌશાળા પોષણ યોજનાના રૂપિયા મળ્યા નથી

### પાંજરાપોળના સંચાલકોની હાલત કફોડી : ઉનાળાની શરૂઆત સાથે જ ઘાસચારાનો ભાવ પણ બમણો થઈ ગયો હોવાથી પશુઓના સારસંભાળનો ખર્ચ વધ્યો છે

બનાસકાંઠા, તા.૬

ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવતી મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજનાની સહાય બનાસકાંઠા જિલ્લાની ગૌશાળા અને પાંજરાપોળને ત્રણ મહિનાથી મળી નથી. જેથી ગૌશાળા અને પાંજરાપોળના સંચાલકોએ સરકારને પત્ર લખીને આ અંગે રજૂઆત કરી છે, બાકી નીકળતી ત્રણ મહિનાની સહાયની રકમ તાત્કાલિક ચૂકવવાની માંગ કરી છે. ગુજરાતમાં ૧૭૦૦ જેટલી ગૌશાળા અને પાંજરાપોળ છે, કોરોના મહામારી બાદ દાનની આવક ઘટતા ગૌશાળા અને પાંજરાપોળના સંચાલકોની હાલત કફોડી બનતા સંચાલકોએ આંદોલન કર્યું હતું. બાદમાં સરકારે મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજનાની શરૂઆત કરીને દર વર્ષે ગૌશાળા અને પાંજરાપોળને ૫૦૦ કરોડ રૂપિયા સહાય ચૂકવવાની શરૂઆત કરી હતી. જે અંતર્ગત બનાસકાંઠાની ગૌશાળા અને પાંજરાપોળને છેલ્લા ત્રણ મહિનાની સહાય ચૂકવવા વિલંબ થયો છે. બનાસકાંઠા જિલ્લામાં કચ્છ પછી બીજા ક્રમે સૌથી વધુ પશુઓ અને પાંજરાપોળ આવેલા છે, જ્યાં સરકાર દ્વારા દર ૩ મહિને ૨૦૩ ગૌશાળા અને પાંજરાપોળના ૬૪ હજાર જેટલા પશુઓને સહાય ચૂકવવામાં આવે છે. જેમાં જાન્યુઆરી, ફેબ્રુઆરી અને માર્ચ એમ ત્રણ મહિનાની ૧૭ કરોડ જેટલી સહાય સરકાર દ્વારા હજુ સુધી ચૂકવવામાં આવી નથી. સહાયમાં વિલંબ થતાં જ ગૌશાળા અને પાંજરાપોળના સંચાલકોની મુશ્કેલી ઊભી થઈ છે. ઉનાળાની શરૂઆત સાથે જ ઘાસચારાનો ભાવ પણ બમણો થઈ ગયો હોવાથી પશુઓના સારસંભળાનો ખર્ચ વધ્યો છે. બીજી તરફ સહાય મળવામાં મોડું થઈ રહ્યું છે, જેથી ગૌશાળા અને પાંજરાપોળના સંચાલકોની મુશ્કેલી વધી રહી છે. હવે આ મામલે સંચાલકોએ મુખ્યમંત્રી, ગૌસેવા આયોગ અને ગૌચર વિકાસ બોર્ડના સચિવને પત્ર લખી સહાય ચૂકવવાની માંગ કરી છે. આ મામલે બનાસકાંઠા જિલ્લા પશુપાલન વિભાગના નાયબ પશુપાલન નિયામકે જણાવ્યું હતું કે બનાસકાંઠા જિલ્લાની ગૌશાળા અને પાંજરાપોળ ની ત્રણ મહિનાની સહાય બાકી હતી તે તમામ ગૌશાળાઓની દરખાસ્ત સ્ટેટ કમિટીને મોકલી આપવામાં આવી છે એટલે ટૂંક સમયમાં જ તમામ ગૌશાળાઓને બાકી નીકળતી સહાયની રકમ ચૂકવાઈ જશે. બનાસકાંઠા જિલ્લામાં દર વર્ષે ઉનાળામાં પાણી અને ઘાસચારાની ભારે અછત સર્જાતી હોય છે, જેના કારણે જ પશુઓની સંભાળ કરનારે બમણી અને ત્રણગણી કિંમતે ઘાસચારો લાવવો પડે છે.

આ કારણે દાન અને સહાય પર ચાલતી ગૌશાળાઓના સંચાલકોની હાલત કપરી બની ગઈ છે. આ સંચાલકોનું કહેવું છે કે, સરકાર તાત્કાલિક સહાયની રકમ ચૂકવે તો સંચાલકો રાહત અનુભવી શકે તેમ છે.

# ધોરાજીમાં વરસાદ, ઐતિહાસિક ઓસમ ડુંગર પરથી ધોધ વહ્યો

### ઘૂંટણ સમા પાણી ભરાયા : મોરબીમાં મોડીરાત્રે વાતાવરણમાં પલટો જોવા મળ્યો : ભારે પવન અને ગાજવીજ સાથે કમોસમી વરસાદ વરસ્યો

રાજકોટ, તા.૬

ધોરાજીના પાટણ વાવમાં ભારે કમોસમી વરસાદ વરસ્યો છે. અહીં ભરઉનાળે ગાજવીજ સાથે ધોધમાર વરસાદ પડ્યો છે. વરસાદ પડતાં ઐતિહાસિક ઓસમ ડુંગર પરથી ધોધ વહેતો થયો છે. અનરાધાર વરસાદથી ઓસમ ડુંગર પર કુદરતી સૌંદર્ય ખીલી ઉઠ્યું હતું, ત્યારે બીજી તરફ ભારે વરસાદના કારણે બજારોમાં ગોઠણ સમા પાણી ભરાયા હતા. જેના કારણે ભરઉનાળે ચોમાસા જેવો માહોલ જોવા મળ્યો હતો. મોરબીમાં મોડીરાત્રે વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. અહીં ભારે પવન અને ગાજવીજ સાથે કમોસમી વરસાદ વરસ્યો હતો. સાંજના સમયે ભારે ઉકળાટ બાદ મોડી રાત્રે વાદળછાયું વાતાવરણ સર્જાયું હતું. અનેક વિસ્તારમાં ધોધમાર વરસાદ પડતા ભરઉનાળે ચોમાસા જેવો માહોલ જોવા મળ્યો હતો. જામનગરનાં વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. શહેરમાં સતત બીજા દિવસે કમોસમી વરસાદ પડ્યો છે. વરસાદને લઈને રસ્તાઓ પર વાહનચાલકો મૂંઝાયા હતા. ધોધમાર વરસાદને કારણે ઉનાળુ પાક પર સંકટ મંડરાઈ રહ્યું છે. ભરઉનાળે વરસાદ પડતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ એટલે પશ્ચિમી વિક્ષોભના કારણે ચાલુ વર્ષ દરમિયાન હવામાનમાં ભારે ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યા છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે હવે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર ગુજરાત પરથી દૂર થઈ રહી છે માટે કમોસમી વરસાદનું જોર ઘટી જશે. ૨૪ કલાક બાદ રાજ્યમાંથી વાદળછાયું વાતાવરણ પણ દૂર થઈ જવાની શક્યતાઓ દેખાઈ રહી છે. હવામાન વિભાગે વરસાદથી મુક્તિ મળવાની સાથે તાપમાનમાં વધારો થવાની સંભાવનાઓ પણ વ્યક્ત કરી છે. ગુજરાત પરથી ખતરો ટળી રહ્યો છે પરંતુ બીજી તરફ બંગાળની ખાડીમાં ચક્રવાત ઉભું થવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. હવે ટૂંકા ગાળામાં વાવાઝોડું કઈ તરફ આગળ વધશે તે ટ્રેક કરી શકાશે. આ વાવાઝોડાની અસર ક્યાં થશે તે અંગેની હજુ સંભાવનાઓ વ્યક્ત કરાઈ નથી, કારણ કે ડિપ્રેશન કે લો-પ્રેશર ક્રિએટ થયા પછી જ તેની ગતિ સહિતની સચોટ માહિતી મેળવી શકાય છે.



# કાલુપુર રેલવે સ્ટેશનને ગુનાખોરીથી મુક્ત કરવા પોલીસ એલર્ટ મોડમા

### ગુનેગાર રેલવે સ્ટેશન પર એન્ટ્રી મારશે તો તેની જાણકારી સીધી પોલીસ અને આરપીએફને થઇ જશે

અમદાવાદ, તા.૬

અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશનને ગુનાખોરીથી મુક્ત કરવા માટે પોલીસ અનેક પ્રોજેક્ટ પર કામ કરી રહી છે. કાલુપુર રેલવે સ્ટેશનમાં ચોરી, સ્નેચિંગ, લૂંટ તેમજ તસ્કરીના કિસ્સા વધી રહ્યા છે. જેને રોકવા માટે પોલીસ એડીચોટીનું જોર લગાવી રહી છે. ગુનેગારો રેલવે સ્ટેશનને ગુનાખોરીનો અડ્ડો સમજી રહ્યા છે, ત્યારે તેમને શબક શીખવાડવા માટે પોલીસ મેદાનમાં ઊતરી છે. રેલવે સ્ટેશનમાં હવે કોઈ પણ ગુનેગાર એન્ટ્રી મારશે તો તેની જાણકારી સીધી પોલીસ અને આરપીએફ (રેલવે પ્રોટેક્શન ફોર્સ)ને થઈ જશે. રેલવે સ્ટેશન ફેસ રેકગ્નિશન કેમેરાથી સજ્જ છે. જેમાં ખાસ પ્રકારનું સોફ્ટવેર અપલોડ કરવાનું છે. જેના આધારે કોઈ પણ ક્રિમિનલ રેલવે સ્ટેશનમાં આવે તો સીધી જાણકારી પોલીસને થઈ જાય.

ગુજરાતનું સૌથી મોટું રેલવે સ્ટેશન અમદાવાદના કાલુપુર ખાતે આવેલું છે જ્યાં રોજ બે લાખ કરતાં વધુ પેસેન્જરોની અવરજવર થાય છે. ૧૯ ફેબ્રુઆરી ૨૦૦૬માં રેલવે સ્ટેશન પર બોમ્બ બ્લાસ્ટ થયા બાદ તેને હાઈસિક્યોરિટી ઝોન ગણવામાં આવે છે. રેલવે સ્ટેશન પર આરપીએફ (રેલવે પ્રોટેક્શન ફોર્સ) તેમજ ગુજરાત પોલીસ હોવા છતાંય હજુ પણ ગુનાખોરી અટકવાનું નામ નથી લઈ રહી. ગુનાખોરીને રોકવા માટે સીસીટીવી મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. કાલુપુર રેલવે સ્ટેશનને હાઈફ્રિક્વન્સી તેમજ ફેસ રેકગ્નિશન કેમેરાથી સજ્જ કરવામાં આવ્યા છે. સીસીટીવી કેમેરાનો કંટ્રોલ આરપીએફના હાથમાં છે પરંતુ હવે પોલીસ પણ સીસીટીવીમાં રસ દાખવી રહી છે. ફેસ રેકગ્નિશન કેમેરા હોવા છતાંય ક્રિમિનલની ઓળખ કરવામાં આરપીએફને મુશ્કેલીઓ ઊભી થાય છે. સંખ્યાબંધ ક્રિમિનલનો ડેટા ચેક કર્યા બાદ હકીકતની જાણ થાય છે.

એક સમયે કાલુપુર રેલવે સ્ટેશન ગુનેગારોને અડ્ડો કહેવામાં આવતું હતું, પરંતુ જેમ જેમ પોલીસ અને આરપીએફની ધોંસ વધી તેમ તેમ ગુનેગારો ભૂગર્ભમાં ઊતરી ગયા હતા. જોકે હજુ પણ કેટલાક એવા ગુનેગારો છે જે ગુનાને અંજામ આપતાં એક મિનિટ પણ ખચકાતા નથી. કાલુપુર રેલવે સ્ટેશન દારૂ તેમજ ડ્રગ્સની હેરફેર માટે પંકાયેલું છે.

અવારનવાર રેલવે સ્ટેશન પરથી ડ્રગ્સ તેમજ દેશી અને વિદેશી દારૂનો જથ્થો રેલવે પોલીસ જપ્ત કરે છે. દારૂ અને ડ્રગ્સની હેરફેર સિવાય રેલવે સ્ટેશન પર મારામારી, ચોરી, લૂંટ, ચેઈન સ્નેચિંગ જેવા અનેક બનાવો બની રહ્યા છે. પેસેન્જરોના સ્વાંગમાં આવતી ચોર ટોળકી ટ્રેનમાં પેસેન્જરોના સરસામાનની ચોરી કરીને નાસી જાય છે, જ્યારે ચાલુ ટ્રેનમાં ચેઈન સ્નેચિંગની ઘટનાઓ પણ બને છે. સ્ટેશન જ્યારે ગુનાખોરીનું હબ બની રહ્યું છે. તેમને રોકવા માટે સીસીટીવી કેમેરાની મદદ લેવાઈ છે.

પ્લેટફોર્મ નંબર ૧ થી ૧૦ સુધી તેમજ સ્ટેશનના એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટ ઉપર કુલ ૫૯ હાઈફ્રિક્વન્સીવાળા કેમેરા લગાવેલા હતા ત્યારે હવે તેમાં ઉમેરો કરવામાં આવ્યો છે. આરપીએફએ વધુ ૫૦ સીસીટીવી કેમેરા રેલવે સ્ટેશન પર લગાવ્યા છે.

જેમાં ૧૨ ફેસ રેકગ્નિશન કેમેરા છે. આ કેમેરાની ખાસિયત એ છે કે પોલીસ ચોપડે નોંધાયેલો કોઈપણ ગુનોગાર જ્યારે રેલવે સ્ટેશન પર એન્ટ્રી મારે ત્યારે આરપીએફને તરત જ તેની જાણ થઈ જાય છે. ચોરી, લૂંટ, મારામારી સહિત અનેક ગુનાઓમાં સંડોવાયેલા પાંચ હજાર કરતાં વધુ આરોપીનો ડેટા રેલવે પોલીસ પાસે છે. વર્ષોથી રેલવે પોલીસ સ્ટેશનમાં જે ગુના દાખલ થાય છે તેમાં ઝડપાયેલા આરોપીની તમામ વિગતો ફોટોગ્રાફ્સ સાથે ફેસ રેકગ્નિશન કેમેરાના સોફ્ટવેરમાં નાખવામાં આવશે. જેનાથી કોઈ પણ આરોપી જ્યારે આવે ત્યારે પોલીસ તેના પર વોચ રાખશે.

કાલુપુર રેલવે સ્ટેશનનો પ્રોજેક્ટ સફળ થઈ ગયા બાદ સુરત, વડોદરા તેમજ રાજ્યનાં તમામ રેલવે સ્ટેશનમાં આ પ્રોજેકટનો અમલ કરવામાં આવશે.

અમદાવાદ વેસ્ટન રેલવે ડિવિઝનના ઈન્ચાર્જ એસપી રાજેશ પરમારે જણાવ્યું છે કે હાલ રેલવે સ્ટેશનમાં નોંધાયેલા ક્રિમિનલનો ડેટા અપલોડ કરવામાં આવશે અને બાદમાં બીજા ક્રિમિનલનો ડેટા પણ સોફ્ટવેરમાં અપલોડ કરવામાં આવશે.

# રાજકોટમાં મૂળ પાકિસ્તાની નાગરિકોને લઈ પોલીસમાં દોડધામ

### ૫૦થી ૬૦ લોકો કચ્છથી કરાચી જવાના પ્લાનમાં હતાં : મંજૂરી મળ્યા બાદ તમામને રાજકોટથી જવા દેવામાં આવશે : પોલીસ

રાજકોટ, તા.૬

રાજકોટમાં મૂળ પાકિસ્તાની નાગરિકોને લઈ પોલીસમાં દોડધામ મચી છે. મૂળ પાકિસ્તાની નાગરિક ભારતની નાગરિતા મેળવી પાકિસ્તાન જવાની ફિરાકમાં હતા જો કે, સમગ્ર મામલે પોલીસને જાણ થતાં પોલીસે આરોપીઓને દબોચી લીધા છે.

મહેશ્વરી સમાજના ૫૦થી ૬૦ લોકોનો કચ્છથી કરાચી જવાનો પ્લાન હતો જે બાબતે રાજકોટ બી-ડિવિઝન પોલીસ અને સ્પેશિયલ બ્રાન્ચની ટીમને જાણ થતાં તેમણે તપાસ હાથ ધરી છે. મહેશ્વરી સમાજના લોકો રાજકોટ છોડે તે પૂર્વે પોલીસને જાણ થી હતી અત્રે ઉલ્લેખનીય છે કે, મૂળ પાકિસ્તાનના નાગરિકોને ભારતીય નાગરિકતા અપાઈ હતી ભારતીય નાગરિકતા અપાયેલા લોકોને પાકિસ્તાન જતાં પહેલા પોલીસને જાણ કરવાનો નિયમ છે. કચ્છમાં ધાર્મિક કાર્ય અર્થે જઈ પાકિસ્તાન જવાનો પ્લાન હતો. સમગ્ર મામલે પોલીસ પાસેથી મંજૂરી માગવામાં આવી હતી અને મંજૂરી ન મળતા પાકિસ્તાન જવાનો તેમણે પ્લાન બનાવ્યો હતો. હાલ તમામ લોકોને રાજકોટ અટકાવવામાં આવ્યા છે. મૂળ પાકિસ્તાની નાગરિકોને અટકાવવા મામલે પોલીસનું નિવેદન સામે આવ્યું છે. તેમણે જણાવ્યું કે, મંજૂરી મળ્યા બાદ તમામને રાજકોટથી જવા દેવામાં આવશે.

## રદ કરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

નાદારીની કાર્યવાહી માટે પોતાને નાદાર જાહેર કરવા માટે અરજી કરી છે. જો કે એનસીએલટીએ આ અંગેનો નિર્ણય અનામત રાખ્યો છે. એરલાઈન્સ કંપની પર અત્યારે ૬ હજાર કરોડ કરતા વધુનું દેવુ છે.

એરલાઈન્સ કંપની ગો ફર્સ્ટએ તેના આધિકારીક ટ્વિટર હેન્ડલ પર આ અંગેની માહિતી આપી હતી.

મુસાફરોને સસ્તી હવાઈ સેવા પૂરી પાડતી કંપની ગો ફર્સ્ટએ જણાવ્યુ હતું કે ઓપરેશનલ સમસ્યાઓના કારણે કંપનીએ ૧૨મી મે સુધી તેની તમામ ફ્લાઈટ્સ રદ કરવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત કંપનીએ મુસાફરોને ટિકિટના નાણ રિફંડ આપવા સંબંધિત માહિતી પણ આપી હતી. ગો ફર્સ્ટ એ વધુમાં જણાવતા કહ્યું હતું કે મુસાફરોના સંપૂર્ણ નાણા ટૂંક સમયમાં પરત કરવામાં આવશે. અગાઉ કંપનીએ ૨ અને ૩ મે સુધી તેની તમામ ફ્લાઈટ્સ રદ કરી હતી. તે તારીખને વધારીને ૯ મે કરવામાં આવી હતી. હવે આ સમયગાળો ૧૨ મે સુધી લંબાવવામાં આવ્યો છે.

ગાંધીનગરમાં
જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ટચૂકડી
જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧